ચંદ્રાલા લકઝરી બસમાંથી દારૂના ૬૭૨ ટ્રેટા પેક સાથે બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૨૪

ચંદ્રાલા નાકા પોઈન્ટ પરથી લકઝરી બસમાંથી વિદેશી દારુના ૬૭૨ નંગ ટ્રેટા પેક ઝડપાયા છે. ખાનગી બસમાં મુસાફરોના બે પાર્સલમાંથી ૧૪ પેટીમાંથી આ દારુના ટ્રેટા પેક ઝડપાયા છે. પોલીસે દારુ, મોબાઈલ, મળી કુલ રૂ.૬૬ હજારથી વધુ ના મુદ્દામાલ સાથે બે ઈસમોને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચંદ્રાલા પાસે આગમન હોટલ નજીક નાકા પોઈન્ટ પર ચિલોડા પોલીસના જવાનો વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા.તે સમયે હિંમતનગર તરફથી આવી રહેલી લકઝરી બસને પણ ચેકીંગ માટે ઉભી રાખી હતી. ડ્રાઈવર કંટકટરને સાથે રાખી મુસાફરોનો સામાન ચેક કરતા હતા. તે સમયે સુરજકુમાર બંસીલાલ સોની (ઉં.૧૯ રહે.હરોના કા મહોલ્લા અમેટ તા.અમેટ જી રાજસમંદ) , અને નીરજસિંહ સુરજસિંહ ચૌહાણ (ઉં.૧૮ શાસ્ત્રીનગર કોલોની ગુલાબપુરા તા.હરડા, જી,ભીલવાડા) બે પાર્સલમાં ૧૪ પેટીમાં સંતાડેલા વિદેશી દારૂના ૬૭૨ ટ્રેટા પેક મળી આવ્યા હતા. પોલીસે રૂ.૫૬,૪૪૮ ના ૬૭૨ દારુના ટ્રેટા પેક, રૂ.૧૦ હજારના બે મોબાઈલ ફોનમળી કુલ રૂ.૬૬,૪૪૮ ના મુદ્દામાલ સાથે બે શખ્સોને પકડી પાડી દારૂ મંગાવનાર મુકેશ વસીટા (રહે.અમેટ રાજસ્થાન) સામે પણ પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અમદાવાદ સહિત રાજ્યમાં ધોધમાર વરસાદ

લાંબા વિરામ બાદ વરસાદે રાજ્યને ધમરોળ્યું : વાતાવરણમાં ઠંડકથી લોકોએ રાહતનો અનુભવ કર્યો, ગોંડલમાં ધોધમાર વરસાદ, ચાર કલાકમાં પાંચ ઈંચ

અમદાવાદ, તા.૨૪

લાંબા વિરામ બાદ અમદાવાદ સહિત રાજ્યના વિવિધ શહેરોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. અમદાવાદ શહેર પશ્ચિમમાં આવેલા એસજી હાઈવે વિસ્તારમાં આજે સાંજે ધોધમાર વરસાદ શરૂ થયો છે. જ્યારે અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં સમી સાંજે ધોધમાર વરસાદ તૂટી પડ્યો છે. અહીં ઉલ્લેખનીય છે કે આજે રાજકોટમાં પણ ધોધમાર વરસાદ વરસ્યો છે. ગોંડલમાં આજે માત્ર ૪ કલાકમાં ૫ ઈંચ વરસાદ નોંધાયો છે.

અહીં નોંધનીય છે કે ગુજરાતમાં થોડા સમયના વિરામ બાદ ચોમાસું હવે ધીમે ધીમે ફરી જામી રહ્યું છે. હવામાન વિભાગે રાજ્યમાં આગામી ૩ દિવસ વરસાદની આગાહી કરી હતી ત્યારે રાજકોટમાં અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ગોંડલ પંથકમાં વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. જ્યાં ૪ કલાકમાં ૫ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. ભારે વરસાદને પગલે શહેરના અનેક વિસ્તારોમાં કેડસમા પાણી ભરાયા હતા. જેના કારણે વાહન વ્યવહાર ખોરવાયો હતો.

આજે સવારથી જ રાજકોટમાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. બપોરે ૧૨ વાગ્યા બાદ વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો હતો. શહેરના જંક્શન, ૧૫૦ ફૂટ રિંગ રોડ, યાજ્ઞિક રોડ, કાલાવડ રોડ, મોરબી રોડ સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો, જેથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.

રાજ્યમાં વરસાદની આગાહી વચ્ચે રાજકોટ શહેર અને જિલ્લામાં ધોધમાર વરસાદ શરૂ થયો છે. રાજકોટ શહેરના અલગ-અલગ વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. અહીં નોંધનીય છે કે રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં આજથી ૩ દિવસ સુધી વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે આજે સવારથી જ રાજકોટમાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. બપોરે ૧૨ વાગ્યા બાદ વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો હતો. શહેરના જંક્શન, ૧૫૦ ફૂટ રિંગ રોડ, યાજ્ઞિક રોડ, કાલાવડ રોડ, મોરબી રોડ સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો, જેથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.

આ ઉપરાંત ગોંડલ પંથકમાં વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. જ્યાં ૪ કલાકમાં ૫ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. ભારે વરસાદને પગલે શહેરના અનેક વિસ્તારોમાં કેડસમા પાણી ભરાયા હતા. જેના કારણે વાહન વ્યવહાર ખોરવાયો હતો. રાજકોટના કાલાવડ રોડ, લીમડા ચોક, એસ્ટ્રોન ચોક, બસ સ્ટેશન, નાના મવા, હોસ્પિટલ ચોક સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે.

અહીં નોંધનીય છે કે સૌરાષ્ટ્રમાં અત્યાર સુધીમાં આ સિઝનમાં માત્ર સાડા છ ઈંચ વરસાદ વરસ્યો છે. સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં સિઝનનો સરેરાશ ૨૪ ટકા જ વરસાદ વરસ્યો છે.

શહેર વસાહત મહાસંઘના હોદ્દેદારો જગન્નાથજીના દર્શનાર્થે

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના હોદ્દેદારોએ ગુરુપુનમના દિવસે અમદાવાદમાં જમાલપુર ખાતેના સુપ્રસિદ્ધ જગન્નાથજી ભગવાનના દર્શન કરી પૂજા અર્ચના કરી હતી તેમજ મંદિરના મહંત પૂ. મહંત દિલીપદાસ મહારાજને પુષ્પમાળા પહેરાવી અને શાલ ઓઢાડી જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના હોદ્દેદારોમાં પ્રમુખ કેશરીસિહ બિહોલા, મહામંત્રી રાજેન્દ્રભાઈ પારેખ, ખજાનચી વિનોદભાઈ ભટ્ટ, ઘનશ્યામસિંહ ગોલ, કાનજીભાઈ દેસાઈ, વાસુદેવભાઈ સુથાર, રસિકભાઈ ગજજર વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને તાજેતરમાં રથયાત્રા સુખરૂપ પરિપૂર્ણ કરવા બદલ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. મહંત દિલીપદાસ મહારાજ દ્વારા સર્વ હોદ્દેદારોને આશીર્વાદ આપવામાં આવ્યા હતા.

હથનુર ડેમના ૪૧ દરવાજા ખોલાતાં ગુજરાતમાં એલર્ટ

ડેમમાંથી ૮૦,૦૦૦ ક્યૂસેક પાણી છોડવાથી જલગાંવ, ધૂલિયા, નંદુબાર, તાપી નદીના કિનારેના ગામોમાં એલર્ટ

તાપી, તા.૨૪

મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લામાં સ્થિત હથનુર ડેમના વોટરશેડના ૯ વિસ્તારોમાં ગોપાલખેડા, લોહાર, દેડતલાઈ, ટેક્સા, ચિખલધરા અને બુરહાનપુરમાં ગત ૨૪ કલાકમાં ૩૨૫એમએમ વરસાદ ખાબક્યો છે. તેમાં ડેમમાં પાણીની આવક વધી ગઈ છે. ગુરૂવારે ૩ વાગે ડેમના તમામ ૪૧ દરવાજા ખોલવામાં આવ્યા હતા. શુક્રવારે બપોરે હથનુર ડેમ ૮૦,૦૦૦ ક્યૂસેક પાણી છોડવાથી જલગાંવ, ધૂલિયા, નંદુબાર, તાપી અને સુરત જિલ્લામાં તાપી નદીના કિનારેના ગામોને એલર્ટ કરવામાં આવ્યા હતા.

મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશમાં ભારે વરસાદથી હથનુર ડેમમાંથી ૧.૩૦ લાખ ક્યૂસેક પાણી તાપી નદીમાં છોડવામાં આવ્યું છે. એટલે કે પાણી ૨૪ કલકામાં ઉકાઇ ડેમમાં પહોંચશે. ડેમના અધિકારી સતર્ક થઈ ગયા છે. ઉકાઈ ડેમનું જળસ્તર ૩૧૫.૦૯ ફૂટ થઈ ગયું છે. હથનુર ડેમના તમામ ૪૧ ગેટ ખોલતાં ઉકાઈના જળ્સ્તરમાં ૧ થી ૨ ફૂટનો વધારો થયો છે. હથનુર ડેમમાંથી શુક્રવારે બપોરે ૧ વાગે સવા લાખ ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું હતું.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે, ૨૩મી જુલાઈથી સતત ત્રણ દિવસ રાજ્યમાં ભારે વરસાદ થઈ શકે છે. દક્ષિણ ગુજરાતમાં નવસારી, વલસાડ અને ડાંગમાં ભારે વરસાદ પડી શકે છે. આ સિવાય આણંદ, બનાસકાંઠા, દાહોદ, ખેડા, મહેસાણા, પંચમહાલ, અમરેલી, ભાવનગર, રાજકોટ અને કચ્છમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

આદીવાડા સોનુ પાર્લર પાસેથી વરલી મટકાનો જુગાર રમતા ૫ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ આદિવાડા સોનુ પાર્લર પાસેથી વરલી મટકાનો જુગાર રમાડતા ૫ વ્યકિતઓને એલસીબી પોલીસે પકડી પાડ્યા છે. વરલી મટકાના રેકેટમાં પેથાપુરના જીતેન્દ્રસિંહ ઉર્ફે જીતુભા ઉર્ફે મુખીનુ નામ સામે આવ્યું છે.પોલીસે વરલી મટકાનું સાહિત્ય, રોકડા રૂ.૧૫,૫૩૦ તેમજ ૩ મોબાઈલ ફોન મળી કુલ રૂ.૧૭,૦૩૦ નો મુદ્દામાલ જપ્ત કરી તમામ સામે જુગારધારા મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આદિવાડામાં સોનુ પાર્લર નજીક છેલ્લા કેટલાક સમયથી વરલી મટકાનો જુગાર ધમધમી રહ્યો હતો. એલસીબીના પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.કે.રાઠોડ તેમજ ટીમના સભ્યો એ રેઈડ પાડી હતી. આદિવાડા ખાતે એક વ્યકિત કંઈક લખતા હતા જયારે અન્ય વ્યકિતઓ તેમની આસપાસ વીટળાઈને ઉભા હતા. પોલીસે તમામ વ્યકિતઓને કોર્ડન કરીને પુછતાછ કરતા ૬૧ વર્ષિય યાકુબ અહેમદભાઈ શેખ (રહે પેથાપુર જૈન દેરાસર પાસે) પાસેથી ડાયરી મળી આવી હતી. જેમાં વિવિધ આંક લખેલા હતા. બાદમાં વરલી મટકાનો જુગાર રમી રમાડતા દિપેન સેવંતીલાલ ભાવસાર (રહે. જૈન દેરાસર પાસે), મહેશ બંસીલાલ રાણા (ઉં.૫૮ બ્લોક નં.૧૪૩-૬ જ ટાઈપ સેકટર-૨૯), રાજુભાઈ ધનાભાઈ પ્રજાપતિ (ઉં.૫૦)તેમજ જીતેન્દ્ર ઈશ્વરભાઈ મકવાણા(ઉં.૩૯ બંન્ને ધરતી કાર એસેસરીઝ દુકાનની ઉપર) ની ધરપકડ કરાઈ હતી.પોલીસે જુગારીઓની અંગજડતી દરમિયાન રોકડા રૂ.૧૫,૫૩૦ મળી આવ્યા હતા. જયારે પોલીસે યાકુબ શેખની વધુ પુછતાછ કરતા વરલી મટકાનું નેટવર્ક પેથાપુરના જીતેન્દ્રસિંહ ઉર્ફે જીતુભા ઉર્ફે મુખી દ્વારા ચલાવવામાં આવતુ હોવાનું ખુલવા પામ્યું છે. પોલીસે પાંચ જુગારીઓ, મોબાઈલ ફોન મળી કુલ રૂ.૧૭હજારનો મુદ્દામાલ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડેલ્ટા બાદ કપ્પા વેરીયન્ટનો ગુજરાતમાં પણ પગપેસારો

આ વાયરસ ખૂબ જ ઘાતક હોઈ તેને લઇને વૈશ્વિક સ્તરે રિસર્ચ જારી, હજુ કોઈ મહત્વના તારણો મળ્યા નથી

અમદાવાદ,તા.૨૪

રાજ્યભર સહિત વિશ્વભરમાં કોરોના વાયરસે હાહાકાર મચાવ્યા બાદ તેના અલગ અલગ વેરિન્ટ સામે આવ્યા છે. ત્યારે ડેલ્ટા, ડેલ્ટા બાદ હવે કપ્પા વેરિન્ટનો ગુજરાતમાં પ્રવેશ થયો છે. હાલ ગુજરાતમાંથી મહેસાણા, તલોદ અને ગોધરામાંથી કપ્પા વેરિએન્ટના ત્રણ કેસ મળી આવ્યા છે. અમદાવાદની બીજે મેડિકલ કોલેજના માઈક્રોબાયોલોજી વિભાગે જૂન મહિનામાં પુનાની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી ખાતે આઠ શંકાસ્પદ સેમ્પલ મોકલ્યાં હતાં જેમાંથી બે સેમ્પલમાં કપ્પા વેરિયન્ટ જોવા મળ્યો હતો. અગાઉ મે મહિનામાં પણ એક સેમ્પલમાં કપ્પા વાઈરસ જોવા મળ્યો હતો. આ વાયરસ ખૂબ જ ઘાતક તેને લઈને વૈશ્વિક સ્તરે રિસર્ચ થઈ રહ્યું છે. પરંતુ હજુ કોઈ મહત્વના તારણો મળ્યા નથી. અગાઉ એપ્રિલ મહિનામાં જે સેમ્પલ મોકલવામાં આવ્યા હતાં જેમાં ૩૨ કેસ ડેલ્ટા વેરિયન્ટના અને એક કેસ ડેલ્ટા પ્લસ વેરિયન્ટનો જોવા મળ્યો હતો. મે મહિનામાં સાબરકાંઠાના તલોદ તાલુકામાંથી અને જૂનમાં ગોધરામાંથી અને મહેસાણાના એક-એક દર્દી કપ્પા વેરિયન્ટથી સંક્રમિત હોવાનું નિદાન થયું હતું. આ બન્ને દર્દીની સારવાર અમદાવાદ ખાતે સિવિલ હોસ્પિટલમાં કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે કોરોના વાયરસના ડેલ્ટ વેરિએન્ટ પ્રથમ કેસ ભારતમાંથી જ મળી આવ્યો હતો. તે જ પ્રમાણે કપ્પા વેરિએન્ટના કેસ પણ અહીં જ મળી આવ્યા છે.

ગાંધીનગરની નેશનલ ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સીટીનું કેમ્પસ ગોવા-ત્રિપુરામાં પણ ખૂલશે

ગાંધીનગર,તા.૨૪

જિલ્લાની નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સીટીમાં તાજેતરમાં જ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે મુલાકાત લીધી હતી અને લેબોરેટરીનું ઉદઘાટન પણ તેમના હસ્તે કરવામાં આવ્યું હતું. આ મુલાકાત દરમિયાન તેમને જણાવ્યું હતું કે, રાજ્યના અન્ય કેમ્પસમાં પણ યુનિવર્સિટીના કેન્દ્રો આગામી સમયમાં ઓપન થશે. એન.એફ.એસ.યુ.ના ડિરેક્ટર એસ.ઓ. જુનારેએ કહ્યું, "ગોવા અને ત્રિપુરા આ બે સ્ટેટમાં યુનિવર્સિટીના કેમ્પસ આગામી સમયમાં ખુલશે. જોકે યુનિવર્સિટીનો ટાર્ગેટ જુદા જુદા રાજ્યોમાં કેમ્પસ ઓપન કરવાનો છે. આ ઉપરાંત અન્ય ચાર જેટલા દેશોએ પણ કેમ્પસ ખોલવા માટે તૈયારીઓ દર્શાવી છે."

ભારત સરકારે અન્ય રાજ્યમાં શાખા ઓપન કરવાની પરવાનગી આપી છે. આવનારા પાંચ વર્ષમાં પાંચથી દસ કેમ્પસ દેશ અને વિદેશમાં ખોલવાની તૈયારીઓ પણ યુનિવર્સિટીની છે. જેમાં ગોવા, ત્રિપુરા ઉપરાંત આગામી સમયમાં રાજસ્થાન, યુપી, મહારાષ્ટ્રમાં પણ જલદી જ નવા કેમ્પસ યુનિવર્સિટીના ઓપન થશે. તેવું એન.એફ.એસ.યુ.ના ડિરેક્ટર એસ.ઓ. જુનારેએ કહ્યું હતું. આ ઉપરાંત વિદેશની કન્ટ્રીના પાંચ પ્રપોઝલ આવ્યા છે. ઝિમ્બાબ્વે, યુગાન્ડા, શ્રીલંકા, બાંગ્લાદેશ જેવા દેશોમાં શાખાઓ ખોલવા માટે પ્રપોઝલ આવ્યા છે. જો આવુ થશે તો અહીંથી મેનપાવર અને ઈક્વિપમેન્ટ મોકલવામાં આવશે. વિદેશમાં ચાલતી શાખાઓનું હેડક્વાર્ટર પણ ગાંધીનગર બનશે. નેશનલ કોન્ફરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટી એ ફોરેન્સિક સાયન્સ એજ્યુકેશન આપવાવાળી વિશ્વની એકમાત્ર આ સંસ્થા છે.

કચ્છના રાજવી પરિવારે એક કરોડની ઈલેક્ટ્રિક કાર ખરીદી

રાજ્યની આ પ્રથમ આટલી મોંઘી ઈલેક્ટ્રિક કાર કચ્છના મહારાવ પ્રાગમલજી ત્રીજાએ જર્મનીથી ઈમ્પોર્ટ કરાવી

કચ્છ, તા.૨૪

ભારત સહિત દુનિયાભરમાં ઈલેક્ટ્રિક વાહનોનો ક્રેઝ વધી રહ્યો છે. ગુજરાતમાં પણ લોકો ઈલેક્ટ્રિક કાર પસંદ કરી રહ્યા છે. તાજેતરમાં કચ્છના રાજવી પરિવાર દ્વારા એક કરોડની કિંમતની ઈલેક્ટ્રિક કાર ખરીદવામાં આવી છે. જો ગુજરાતની વાત કરવામાં આવે તો રાજ્યની આ પ્રથમ આટલી મોંઘી ઈલેક્ટ્રિક કાર છે. કચ્છના મહારાવ પ્રાગમલજી ત્રીજાએ આ કારને જર્મનીથી ઈમ્પોર્ટ કરાવી હતી. કચ્છી નવા વર્ષ અષાઢી બીજના દિવસે રાજવી પરિવારને આ કાર સોંપવામાં આવી હતી. કચ્છના મહારાવ પ્રાગમલજી ત્રીજા હંમેશા પર્યાવરણને જાળવી રાખવા અને તેના બચાવ માટે પ્રયત્નશીલ હતા. આપણે સૌ જાણીએ છીએ કે વાહનોથી થતા હવાના પ્રદૂષણને કારણે પર્યાવરણને નુકસાન થઈ રહ્યું છે. માટે જ મહારાવે પ્રદૂષણમુક્ત કાર માટે જર્મનીની કાર નિર્માતા કંપની મર્સિડીઝ બેન્સને ઈલેક્ટ્રિક કારનો ઓર્ડર આપ્યો હતો. મહારાવ પ્રાગમલજી ત્રીજાને વિન્ટેજ કારો અને ઓટોમોબાઈલનો ઘણો શોખ હતો.

મર્સિડીઝ બેન્ઝ કંપનીની આ ઈલેક્ટ્રિક કારની કિંમત એક કરોડથી પણ વધારે છે. આ ઈક્યુસી-૪૦૦ ઈલેક્ટ્રિક કાર માટે રાજવી પરિવાર દ્વારા ઓર્ડર આપવામાં આવ્યો હતો. જર્મનીમાં આ કારને બનાવવામાં આવી હતી. ૧૨ જુલાઈના રોજ આ કાર ભુજ રણજિત વિલા પેલેસ પહોંચી હતી. મર્સિડીઝ બેન્સ ઈક્યુસી-૪૦૦એ મર્સિડીઝની સૌપ્રથમ સંપૂર્ણ ઓટોમેટિક ઈલેક્ટ્રિક કાર છે. આ કારમાં દરેક પેસેન્જર સીટમાં પર્સનલ મસાજનું ફીચર પણ છે. આ કારમાં સાત એરબેગ છે. ગાડી એક વખત ચાર્જ કર્યા પછી ૪૫૦ કિલોમીટર સુધી ચાલી શકે છે. કારને ફુલ ચાર્જ થતાં ૭.૩૦ કલાકનો સમય લાગે છે.

આ ઈલેક્ટ્રિક કારની અંદર ૬૪ રંગની ઈન્ટીરિયર લાઈટિંગ સેટ કરી શકાય છે. આ ઉપરાંત એક્ટિવ બ્રેક આસિસ્ટ, બ્લાઈન્ડ સ્પોટ આસિસ્ટ વગેરે જેવા ફીચર્સ પણ છે. કારમાં ૧૦.૨૫ ઈંચની ડિજિટલ ટચસ્ક્રીન પણ છે.કોઈ પણ વ્યક્તિ ડ્રાઈવર સીટ પર બેસે તો હાઈટ અને બોડી પ્રમાણે આ સીટ ઓટોમેટિક એડજસ્ટ થાય છે. વોઈલ આસિસ્ટન્ટ, સનરૂફ અને થ્રી ઝોન ક્લાઈમેટ કંટ્રોલ જેવા અદ્યતન ફીચર્સ પણ ઉપલબ્ધ છે. આ ઈક્યુસી-૪૦૦ ઈલેક્ટ્રિક કાર ભારતમાં ચોથી અને ગુજરાતમાં પ્રથમ કાર છે. મહારાવના વારસદાર મયુરધ્વજ સિંહ જણાવે છે કે, મહારાવને વિન્ટેજ કારનો શોખ હતો અને તેઓ પર્યાવરણ પ્રેમી પણ હતા. મહારાવે ઈલેક્ટ્રિક કાર ખરીદીને લોકોમાં પર્યાવરણની જાળવણી માટે એક ઉદાહરણ પૂરું પાડ્યું છે. પર્યાવરણને જાળવવા માટે આપણે પરિવર્તન લાવવું પડશે.

તલોદના નાગણેશ્વરી મંદિરે ગુરૂપૂર્ણિમા પર્વની ધામધૂમથી ઉજવણી કરાઈ

તલોદ, તા. ૨૪

તલોદમાં સ્થિત નાગણેશ્વરી માતાજીના મંદિરે ગુરૂપૂર્ણિમા પર્વની ભાવિકો દ્વારા ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અસંખ્ય ભાવિકોએ શ્રદ્ધાપૂર્વક ગુરૂને વંદના કરી ધન્યતા અનુભવી હતી.

તલોદમાં આવેલા મઠ વિસ્તારમાં સુપ્રસિદ્ધ યાત્રાધામ નાગણેશ્વરી માતાજીના મંદિરે ગુરૂપૂર્ણિમા પર્વ મંદિરના મહંત જીભુસિંહ રાઠોડનું કંકુ તિલક કરી આરતી ઉતારી શિષ્યોએ વંદના કરી આશીર્વાદ મેળવ્યા હતા. દર વર્ષની જેમ ભજન-કિર્તન સાથે હોમ-હવન કરી મોટી સંખ્યામાં ઉપસ્થિત ભક્તોએ મહા પ્રસાદી લઈ ધન્યતા અનુભવી હતી.

મંદિરના ગાદીપતિ મહંત જીભુસિંહ રાઠોડના આજના પર્વ ભક્તોને આર્શીવચન પાઠવતા જણાવ્યુ હતુ કે ગુરૂથી શ્રેષ્ઠ કોઈ તત્વ નથી, ગુરૂથી અધિક કોઈ તપ નથી અને ગુરૂથી વિશેષ કોઈ જ્ઞાન નથી એવા ગુરૂદેવના ચરણોમાં સત સત નમનથી આપણા જીવન દુઃખમયથી, દૃષ્ટી અને ધન્યતાથી ઉજ્જવળ બને છે.

ટચુકડી
ફોન : ૨૩૨૨૨૫૭૧
જાહેર ખબર
ગાંધીનગર સમાચાર
દર ગુરુવારે-રવિવારે

પ્રથમ ચંદ્રક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અને તેને વધારીને તે ૮૯ કિલો પર લઈ ગઈ હતી, જે તેના પર્સનલ બેસ્ટ ૮૮ કિલોથી ૧ કિલો વધુ હતું. જોકે, સ્નેચ ઈવેન્ટમાં તે ૮૭ કિલો વજન લિફ્ટ કરી શકી હતી, જ્યારે ચીનની ઝીન્હુએ ૯૪ કિલો વેઈટ લિફ્ટ કરી નવો રેકોર્ડ બનાવ્યો હતો.

ચાઈનીઝ વેઈટ લિફ્ટર આ કેટેગરીમાં ૯૬ કિલો વેઈટ લિફ્ટ કરવાનો પણ રેકોર્ડ ધરાવે છે. ક્લીન જર્કમાં ચાનૂએ પહેલા બે પ્રયાસમાં ૧૧૦ અને ૧૧૫ કિલો વેઈટ લિફ્ટ કર્યુ હતું. જોકે, તેને વધારીને તે ૧૧૭ કિલો સુધી નહોતી લઈ જઈ શકી, જોકે ફાઈનલ અટેમ્પટમાં તેણે સિલ્વર મેડલ મળી શકે તેટલું પર્ફોમન્સ તો આપી જ દીધું હતું.

પોતે સિલ્વર મેડલ જીત્યો છે તેની જાણ થતાં જ મીરાબાઈ પોતાના આંસુ નહોતી રોકી શકી. મેડલ મળ્યાની ખુશીમાં તેણે ડાન્સ પણ કર્યો હતો. બીજી તરફ, દેશમાં પણ મીરાબાઈ ચાનૂ પર શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે. પીએમ મોદીએ મીરાબાઈ ચાનૂને શુભેચ્છા આપતા જણાવ્યું હતું કે ઓલિમ્પિકમાં દેશની આનાથી સારી બીજી કોઈ શરુઆત ના હોઈ શકે. દેશ માટે ઓલિમ્પિકમાં મેડલ જીતનારા શૂટર અભિનવ બિન્દ્રા, ક્રિકેટર વિરેન્દ્ર સેહવાગ સહિતના અનેક લોકોએ પણ ચાનૂને શુભેચ્છા આપી હતી.

૩-૨થી વિજય... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૩-૨થી હાર આપી છે. આ સાથે જ ટીમ ટોક્યો ઓલિમ્પિકમાં જીત સાથે શરૂઆત કરી છે. છેલ્લા ચાર દશકામાં ઓલિમ્પિક પદક જીતવાનો પ્રયાસ કરનારી ભારતીય ટીમે અપેક્ષા પ્રમાણે પ્રદર્શન કરતા ગ્રુપ-એનો આ મુકાલબો જીતી લીધો છે. અનેક વીડિયો રેફરલ સાથે રમવામાં આવેલી આ મેચમાં આખરી મિનિટોમાં ન્યૂઝીલેન્ડને પેનલ્ટી કોર્નર મળ્યો હતો, જેને શ્રીજેશે ગોલમાં બદલવા દીધી ન હતો. ન્યૂઝેલેન્ડે માટે છઠ્ઠી મિનિટે પેનલ્ટી કોર્નર વિશેષજ્ઞ કેન રસેલે ગોલ કર્યો હતો. ભારત માટે રૂપિન્દર પાલ સિંહે ૧૦મી મિનેટે પર પેનલ્ટી સ્ટ્રોક પર ગોલ કર્યો હતો. ડ્રેગ ફ્લિપર હરમનપ્રીત સિંહે ૨૬મી અને ૩૩મી મિનિટે ગોલ કર્યો હતો. ન્યૂઝીલેન્ડે બીજો ગોલ ૪૩મી મિનિટ પર સ્ટીફન જેનિસે કર્યો હતો. હોકીમાં ભારતને ૧૯૮૦ પછી કોઈ મેડલ નથી મળ્યો. ભારતીય હોકી ટીમ ૨૫મી જુલાઈના રોજ ઓસ્ટ્રેલિયા સામે બીજી મેચ રમશે. ઓસ્ટ્રેલિયાએ પણ જીત સાથે રમતની શરૂઆત કરી છે. ટીમે યજમાન જાપાનને ૫-૩થી હાર આપી હતી. ગ્રુપ-એમાં ભારત, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, આર્જેન્ટીના, સ્પેન અને જાપાન છે. જ્યારે ગ્રુપ-બીમાં બેલ્જિયમ, કેનેડા, જર્મની, બ્રિટન, નેધરલેન્ડ અને જર્મન છે. બંને ગ્રુપની ટોપ ટીમને ક્વાર્ટર ફાઈનલમાં જગ્યા મળશે. હૉકીમાં ગ્રુપ સ્ટેજની રમત ૨૪મી જુલાઈથી શરૂ થઈ છે. ગ્રુપ સ્ટેજની મેચો ૩૦મી સુધી ચાલશે. ૧ ઓગસ્ટથી નૉકઆઉટ રાઉન્ડ શરૂ થશે. ક્વાટર ફાઈનલ પહેલી ઓગસ્ટના રોજ, ત્રીજી ઓગસ્ટના રોજ સેમીફાઈનલ જ્યારે ફાઈનલ પાંચમી ઓગસ્ટના રોજ યોજાશે. ૨૦૧૬ના રિયો ઓલિમ્પિકની વાત કરવામાં આવે તો આર્જેન્ટીનાએ ગોલ્ડ મેડલ, બેલ્જિયમે સિલ્વર અને જર્મનીએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

વેક્સિનેશન કરાયું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે રવિવારના રોજ વેપારીઓ અને હોકર્સ માટે વેક્સિનેશન અભિયાનનું ખાસ આયોજન ૪૭ જેટલા સ્થળો પર સમગ્ર જિલ્લામાં કરવામાં આવ્યુ છે. જિલ્લામાં વેક્સિનેશન અભિયાન આગામી સપ્તાહમાં વધુ વેગીલુ બનશે અને સેશન સાઈટોની સંખ્યામાં વધારો કરાશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

માથુ ઉચક્યું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિયંત્રણમાં રાખવા આખો રોડમેપ તૈયાર કરી દેવામાં આવ્યો છે. વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ વિસ્તારોને ઓળખી કાઢવામાં આવ્યા છે અને તેમને અલગ તારવી ત્યાં સઘન સર્વેલન્સની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ફોગીંગ તેમજ એન્ટીલારવેલની કામગીરી માટે પણ આખી કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. ચોમાસામાં વરસાદી પાણીના થતા ખાબોચિયાના સ્થળોને ઓળખી ત્યાં પણ એન્ટી લારવેલની કામગીરી કરવામાં આવશે. કન્સ્ટ્રક્શન સાઈટો પર પણ સતત મોનીટરીંગ કરવામાં આવશે જ્યાં વધુ મચ્છરોના બ્રિડીંગ મળશે ત્યાં પહેલાં નોટીસ આપવામાં આવશે અને છતાં પણ પગલાં લેવામાં નહિ આવે તો સિલીંગ જેવી આકરી કામગીરી કરવાનો પણ નિર્ણય તંત્ર દ્વારા લેવામાં આવ્યો છે.

કન્ટ્રક્શન સાઈટના મજૂરોનું સ્ક્રીનીંગ પણ કરવામાં આવશે. તંત્રએ સર્વેલન્સ દરમ્યાન તાવના દર્દી મળી આવે તો તેમના સેમ્પલ લઈ ચકાસણી કરવાનો વ્યુહ પણ અપનાવ્યો છે.